ગાંધીનગર સમાચાર

## સુરજપુરા ગામે બે મકાનમાંથી તસ્કરો ચાર લાખની મતા ચોરી ગયા



હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સુરજપુરા ગામના બે મકાનોને શુક્રવારે રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. આ બંને ઘરોમાંથી સોના-ચાંદી અને રોકડ મળી અંદાજે રૂપિયા ચાર લાખથી વધુની મતાની ચોરી કરી લઈ ગયા અંગેની જાણ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં કરાયા બાદ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેના સુરજપુરા ગામે શુક્રવારે રાત્રે નિવૃત્ત મામલતદાર તથા અન્ય એક ના ઘરમાંથી અજાણ્યા શખ્સોએ ચોરીને અંજામ આપીને પોતાનો ઈરાદો પાર પાડીને જતા રહ્યા હતા. ત્યારબાદ શનિવારે ચોરીની ઘટના અંગે સુરજપુરા ગામના ભોગ બનેલા બંને પરિવારના વડીલો દ્વારા ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં અરજી આપીને તપાસ કરવા માટે રજૂઆત કરી હતી. આ દરમિયાન ગાંભોઈના પોલીસ સબ ઈન્સ્પેક્ટર સી.એફ.ઠાકોરના જણાવ્યા મુજબ સુરજપુરા ગામે થયેલી ચોરીની ઘટના અંગે અપાયેલી અરજી બાદ બંને ઘરોમાંથી સોના, ચાંદીના દાગીના તથા રોકડ અંગે કેટલાક પુરાવાઓ રજૂ કરવા માટે જણાવાયું હતું.

## કંથારીયા પાસે ડેમની કેનાલમાં ગાબડાથી વેડફાતું હજારો ગેલન પાણી

ઉનાળામાં ગ્રામ્ય વિસ્તારની પ્રજા પાણી માટે વલખાં મારે છે ત્યાં



ભિલોડા તાલુકાના મોટાકંથારીયા પાસે ડેમની કેનાલમાં ગાબડું પડવાથી હજારો ગેલન પાણી ફોગટમાં વેડફાઈ રહ્યું છે. છેલ્લા કેટલાય સમયથી કેનાલનું સમારકામ કરવામાં ન આવતાં મહામૂલું પાણી વાંધાઓમાં વહી જવાથી તંત્રનું જળ બચાવો અભિયાન પાણીમાં ગયું હોવાના આક્ષેપ શરુ થયા છે. જિલ્લા વહીવટી તંત્ર પાણીની સંભવિત તંગીને પહોંચી વળવા માટે દર સોમવારે પાણી પુરવઠા વિભાગ, વાસ્મો તેમજ અન્ય સંબંધિત અધિકારીઓ સાથે મીટીંગો યોજી રહ્યું છે. જળ બચાવો અભિયાન ઉપર પણ ભાર મૂકવામાં આવે છે પરંતુ ખાટલે મોટી ખોડ રહી જતી હોય તેમ મહામૂલું પાણી બચાવાની કિંમત ખુદ તંત્ર જ ભૂલ્યું હોય તેવી તાસિર છે. ભિલોડા તાલુકાના મોટાકંથારીયા પાસે આવેલા નાદરા ડેમની કેનાલમાં ગાબડું પડ્યું હોવાના કારણે હજારો ગેલન પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ડેમની કેનાલોનું સમારકામ જળ બચાવો અભિયાન અંતર્ગત માત્ર કાગળ પર થયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગામ નજીક ડેમ હોવા છતાં પ્રજાને ડેમના પાણીનો ૩૫ વર્ષથી લાભ મળતો ન હોવાની વિગતો આ સાથે ચર્ચામાં આવી છે. પાણીની સમસ્યા નિવારવા માટે લાખો રૂપિયાનું આંધણ થયું હોવા છતાં સ્થાનિક પ્રજાને તેનો કોઈ લાભ મળ્યો નથી ત્યાં ડેમની કેનાલમાં ગાબડું હોવાના કારણે કિંમતી પાણી ફોગટમાં વહી રહ્યું છે. છેલ્લા કેટલાય દિવસથી આ વિસ્તારમાં ડેમનું પાણી ખેડૂતોના ખેતર સુધી પહોંચવાને બદલે વાંધા-કોતરોમાં જતું હોવા છતાં જવાબદાર તંત્રના અધિકારીઓને કેનાલનું ગાબડું પૂરવાનો સમય ન હોવાથી પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ કારમાં ઉનાળામાં પ્રજા પાણી માટે પસીનો પાડી રહી છે ત્યાં તંત્રની બેદરકારીના કારણે ડેમમાં રહ્યું સહ્યું સંગ્રહીત થયેલું પાણી પણ કેનાલમાંથી લીકેજ થઈ વેડફાઈ રહ્યું છે.

## બનાસકાંઠાના ફોરેસ્ટના ગીચ જંગલ વિસ્તારમાં વોટર ટેંક ભરવા ૨૦ પવનચક્કીઓ બનાવાઈ



બ.કા. ફોરેસ્ટના ગીચ જંગલ વિસ્તારમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં વન્ય જીવોને પીવા માટે પાણી મળી રહે તે માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. જેસોર રીંછ અભ્યારણ, બાલારામ અંબાજી અભ્યારણ અને નડાબેટ ઘુડખર અભ્યારણમાં ગઝલર વોટરટેંક ભરવા ૨૦ પવનચક્કીઓ બનાવાઈ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ ઉપરાંત વન્ય જીવોનું રહેણાંક વિસ્તારોમાં આગમન ન થાય એ માટે નજીકના વિસ્તારોમાં પણ હવાડા અને ટેંક બનાવાયા છે. ડીસીએફ પરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે 'બનાસકાંઠાના વન્ય અભ્યારણ વિસ્તારમાં ૧૭૦ જગ્યા ઉપર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે જ્યાં જરૂરિયાત પ્રમાણે સમયાંતરે પાણી બનાવવામાં આવે છે .જેમાં જેસોર રીંછ અભ્યારણ માં ૪૮ વોટર પોઈન્ટ બાલારામ-અંબાજી અભયારણ્યમાં ૯૬ વોટર પોઈન્ટ જ્યારે ઘુડખર અભ્યારણ માં ૨૬ વોટર પોઈન્ટ આવેલા છે. ઉનાળાની ગરમીને જુદા ક્યાંય પણ કોઈ તકલીફ ન થાય તે માટે વન્ય જીવોને સતત પાણી મળી રહે તેવી વ્યવસ્થા માટે વનવિભાગનો સ્ટાફ પેટ્રોલિંગ કરતો રહે છે.'વનવિભાગ દ્વારા કેટલાક વોટર પોઈન્ટ એરિયામાં કેમેરા મુકવામાં આવ્યા છે જેમાં વન્યજીવોસૃષ્ટિ અવરજવર કેદ થતી રહે છે જેના લીધે તેમની પર નજર રાખી શકાય છે.'

## બાયલ ગામે ફૂલ જોગણી માતાજી,બળિયા દેવ અને ગોગા મહારાજ મંદિર ત્રિદિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન



મોડાસા તાલુકાના બાયલ ગામે ફૂલ જોગણી માતાજી,બળિયા દેવ અને ગોગા મહારાજ મંદિર ત્રિદિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા અને બિલેશ્વર મહાદેવ મંદિર જિર્ણોદ્ધાર આજરોજ સંપન્ન થયો હતો. આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર , મંત્રી ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ સહિત તાલુકા-જિલ્લાના અગ્રણીએ ઉપસ્થિત રહી પ્રસંગને અનુરૂપ ઉદબોધન કર્યું હતું.આ મંગલ અવસરે મોટી ઈસરોલના રામદેવ ઉપાસક પૂજ્ય હીરાદાદા બાવજીએ આશીર્વચન પાઠવ્યા હતા.જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ,તાલુકા પંચાયત મોડાસા પ્રમુખ બીપીન ભાઈ પટેલ .મોડાસા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મો જીવણભાઈ રબારી,એપીએમસી તથા તાલુકા સંઘના ડિરેક્ટ ભગવાન ભાઈ પટેલ ,પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન વસંતભાઈ પટેલ, તાલુકા સંગઠનના મહામંત્રી રમેશભાઈ પટેલ,અંકિતભાઈ પટેલ, પટેલ અન્ય સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાર પ્રતિષ્ઠાના દ્વિતીય દિવસે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને માજી ચેરમેન શ્રી આરોગ્ય સમિતિ જિલ્લા પંચાયત અરવલ્લી ચિરાગભાઈ ઉપાધ્યાય હાજર રહ્યા હતા .આ પ્રસંગમા તમામ ગ્રામજનો એ ઉત્સાહભેર ભાગ લીધો. ગામના સરપંચે સૌને આવકાર્યા હતા. સર્વેદાતા ઓનો અને ભોજન દાતા જલારામ ગ્રૂપ બાયલનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધો.૧ થી ૮માં માસ પ્રમોશન : ધો. ૯-૧૧ના વિદ્યાર્થીઓએ એકબીજાનું પરિણામ જોઈ ખુશી વ્યક્ત કરી...

### જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૩.૮૩ લાખ વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર : તમામ વિદ્યાર્થીઓએ ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવ્યો : સોમવારથી પ્રવેશ માટે સંકુલોમાં ધસારાની સંભાવના





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૩,૮૩,૦૫૯ વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થયું છે. ધો.૧ થી ૮માં માસપ્રમોશનના કારણે તમામ વિદ્યાર્થીઓનો ઉપલા વર્ગમાં પ્રવેશ નિશ્ચિત થયો છે. જ્યારે ધો.૯, ૧૧ના વિદ્યાર્થીઓ પૈકી જૂજ વિદ્યાર્થી નાપાસ થયા છે. સોમવારે વિધિવત વેકેશન શરુ થઈ રહ્યું છે જેથી શનિવારે અનેક શાળાઓમાં પરિણામ માટે વિદ્યાર્થીવાલીઓ ઉમટતાં પરિણામ જોઈ વિદ્યાર્થીઓની ખુશાલી બેનંટાઈ હતી. પ્રાથમિક વિભાગમાં ધો. ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હવે હાઈસ્કુલ પ્રવેશ થવાનો હોવાથી તેની ખુશી પણ જોવા મળી.

પરિણામ જાણવાની સૌને ખુશી હોય છે. ધો.૧ થી ૧૨નું બીજું શૈક્ષણિક સત્ર સમાપ્ત થયું છે. ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામ મહિનાના અંતમાં જાહેર થઈ જશે. જ્યારે શાળા કક્ષાએ ધો.૧ થી ૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષા યોજાયા પછી તા.૯ મે. થી ઉનાળુ વેકેશન શરુ થાય તે પૂર્વ વિદ્યાર્થીઓને પરિણામ આપવાની વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી હતી. આમ તો શનિવારથી શાળાઓમાં વેકેશન શરુ થઈ ગયું છે. શનિવારે સવારે પરિણામ લેવા માટે શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થી-વાલીઓની ભીડ જોવા મળી હતી. ધો.૧ થી ૮ માં સતત બીજા વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા કોરોનાના કારણે માસ પ્રમોશન અપાતાં પ્રાથમિક વિભાગમાં એકપણ વિદ્યાર્થી નાપાસ થયો નથી. જ્યારે ધો.૯ થી ૧૨ માં અનિયમિત અને પરીક્ષા આપી ન હોય તેવા જૂજ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે અન્ય વિદ્યાર્થીઓ સારા ગુણ સાથે પાસ થતાં શૈક્ષણિક સંકુલમાં જ એકબીજા મિત્રોને ભેટીને સારા પરિણામની ખુશાલી વ્યક્ત કરતા જોવા મળ્યા. નવું શૈક્ષણિક સત્ર તા.૧૨ જૂનથી શરુ થવાનું છે. પરંતુ અત્યારથી જ અનેક નામાંકીત શાળાઓમાં પ્રવેશ માટે ધસારો શરુ થાય તેવું જોવા મળ્યું છે તે જોતાં સોમવારથી અનેક શાળાઓમાં અનઅધિકૃત પ્રવેશ આપવામાં આવશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જિલ્લામાં શનિવારે ૩.૮૩ લાખ વિદ્યાર્થીઓના પરિણામ પછી હવે સ્ટેશનરી બજારમાં ઘરાકી ઉઘડે તેવી સંભાવના વ્યક્ત થઈ છે. કાગળના ભાવમાં વધારો થવાથી વિદ્યાર્થી-વાલીઓ ઉપર મોંઘવારીનું ગ્રહણ લાગી શકે છે.

**કેટલા વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર..**

| ધોરણ | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|
| ધો.૧ થી ૮ | ૩,૧૦,૨૦૩ |
| ધો.૯ | ૩૯,૮૫૨ |
| ધો.૧૧ | ૩૩,૦૦૪ |

**અન્ય રાજ્યોમાંથી આવક ઘટતાં ભાવ ઉંચકાયા**

## જિલ્લામાં ટામેટાના ભાવ અઠવાડીયામાં બમણા: કીલો દીઠ ટામેટાનો ભાવ ૬૦ પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

શાકભાજીના ભાવમાં ગૃહીણીઓને સામાન્ય રાહત થઈ છે ત્યાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ટામેટાના ભાવ અઠવાડીયામાં



બમણા થયા છે. ૧ કીલો દીઠ રુ ૩૦માં વેચાતા ટામેટાનો ભાવ ૬૦ની સપાટીએ પહોંચ્યો છે. પડોશી અન્ય રાજ્યોમાંથી ટામેટાંની આવક ઉનાળામાં ઘટી છે જેના કારણે ભાવ ઉંચકાયા હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. જિલ્લામાં ઉનાળુ શાકભાજીનું ઓછું વાવેતર થવાથી શાકભાજીના ભાવમાં મળેલી સામાન્ય રાહત બહુ લાંબો સમય સુધી જળવાય તેવું જણાતું નથી. બહારના રાજ્યોમાંથી આયાત થતી શાકભાજીના જથ્થામાં હવે સતત ઘટાડો થવા લાગ્યો છે તેમાંય મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી આવતો ટોમેટાનો જથ્થો એકાએક ઘટતાં ભાવમાં વધારો નોંધાયો છે. હમણાં સુધી ટામેટાં સસ્તા ભાવે મળતાં હોવાથી ગૃહીણીઓને રાહત હતી પરંતુ એઠવાડીયામાં જ ટામેટાંના ભાવ ઉંચકાયા છે. જિલ્લામાં ઘરઆંગણે ટામેટાંનું વાવેતર કરનારા ખેડૂતોએ આ વખતે સારા ઉત્પાદનથી આર્થિક નફો મેળવી લેશે તેવી ધારણા રાખી પરંતુ કમોસમી માવઠા તેમજ વિષમ હવામાનની સ્થિતિથી ટામેટાંના પાકને અસર થઈ જ્યારે બજારમાં પણ ખેડૂતોને પૂરતા ભાવ ન મળતાં ટામેટાનું વાવેતર કરનારા ખેડૂતોને ફાયદા કરતાં નુક્સાન ગયું જ્યારે હવે અચાન ટામેટાંના ભાવ બમણા થઈ ગયા છે. છેલ્લા કેટલાક દિવસથી ટામેટાંની આવકમાં થયેલા ઘટાડા પછી વેપારીઓ નફાખોરી માટે વધુ ભાવ વસુલી રહ્યા છે. ૧ કીલો ટામેટાંના ભાવ રુ. ૬૦ની સપાટીએ પહોંચ્યો છે. જેમાં હજુ પણ ભાવ વધારાની શક્યતા વ્યક્ત થઈ છે.

## બ્રહ્માકુમારીઝ પાલનપુર દ્વારા આત્મનિર્ભર કિસાન યાત્રા શરૂ...

પાલનપુર તા. ૮

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દેશના



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બ્રહ્માકુમારીઝ સંસ્થાને આપેલા આહ્વાનને ઉપાડી લેતાં સંસ્થા દ્વારા સમગ્ર દેશમાં એક હજારથી વધુ આત્મનિર્ભર કિસાન અભિયાન યાત્રાઓ દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર પાલનપુર ખાતેથી આત્મનિર્ભર કિસાન અભિયાનનો પ્રારંભ ધારાસભ્ય શ્રી મહેશભાઈ પટેલ અને નગરપાલિકા પ્રમુખ શ્રીમતી હેતલબેન રાવલ કરાવ્યો હતો. પાલનપુર સેન્ટરના મુખ્ય સંચાલિકા રાજયોગીની બ્રહ્માકુમારી ભારતીબેનના જણાવ્યા અનુસાર આ અભિયાન યાત્રા દસ દિવસ સુધી ફરીને ૧૧૦ ગામોનો સંપર્ક કરશે. જ્યાં ખેડૂતો વ્યસન મુક્ત બને, ઓર્ગેનિક ખેતી ની દિશા માં ખેડૂતો જાગૃત થાય અને ધરતીને ઝેરીલા દ્રવ્યો જેવા કે જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરો થી મુક્ત બને તે માટે ખેડૂતોને માર્ગદર્શન આપી સાત્વિક અને શુદ્ધ અન્ન ઉત્પન્ન કરી દેશ સશક્ત બને તેવો પ્રયાસ છે. આજે આરંભ થયેલી યાત્રા પાલનપુર, છાપી, ગઢ અને દાંતીવાડા વિસ્તારના ૧૧૦ ગામોમાં ફરશે. જેમાં ૧૫ અભીયાત્રીઓ જોડાયા છે.

## પ્રાંતિજના નનાનપુર ગામે બળીયાદેવ મંદિરનો ફોટો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**હવન શોભાયાત્રા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા : મંત્રી, પૂર્વ ધારાસભ્ય, સરપંચ સહિત ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**







પ્રાંતિજ તા.૮

સાબરકાઠાસાબરકાઠાં જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામ ખાતે સમસ્ત ગામ દ્વારા બળીયાદેવ મંદિર નો ફોટો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો જેમા.શોભાયાત્રા હોમ હવન મહાપ્રસાદ ના સુંદર આયોજનો આયોજકો દ્વારા કરવામાં આવ્યુ હતુ

પ્રાંતિજના નનાનપુર ગામે ગામ સમસ્ત બળીયાદેવ ભગવાનના નવા મંદિરનો ફોટો પ્રાણ પ્રતિષ્ઠા ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો ભવ્ય હોમ હવન શોભાયાત્રાના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તેમજ નનાનપુર ગામના સરપંચ ગીરીશભાઈ પટેલ, ગીરીશભાઈ ગોપાળભાઈ પટેલ, નટુભાઈ આર પટેલ, શંકરભાઈ મગનભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહીને બળીયાદેવના ઉત્સવને સફળ બનાવ્યોહતો.આ કાર્યક્રમ ના આયોજકો દિનેસિંહચૌહાણ પ્રતાપસિંહ તેમજ મેહુલભાઈ નાયી સહિતના તમામ સમાજોના યુવાનોએ તનમન થી મહેનત કરી કાર્યક્રમ ને સફળ બનાવવા ના પ્રયાસો કર્યા હતા.તો પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય અને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે પણ હાજર રહી બળીયાદેવ બાપાના ઉત્સવ ને શુભેચ્છા પાઠવી ધન્યવાદ આપી દર્શન નો લાભ લીધો હતો. જેમા સમસ્ત ગ્રામજનો સહિત આજુબાજુ મા રહેતા ધર્મ પ્રેમી લોકોએ હવન સહિત મહાપ્રસાદ નો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જળસંચય માટે ફાયદારૂપ ૨૦૦૦ ચેકડેમો માટીથી ઢંકાયા

### ચોમાસાનું પાણી ફોગટમાં વહી જશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જળસંચય યોજના અંતર્ગત ચેકડેમોના નિર્માણથી ખેડૂતોને તેનાં સારાં પરિણામો મળવા લાગ્યાં છે ત્યારે વર્તમાન સમયમાં ચોમાસુ બારણે ટકોરા મારી રહ્યું છે પરંતુ મોટા ભાગના ચેકડેમો માટીથી ઢંકાઈ જતાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ફોગટમાં વહી જવાની સંપૂર્ણ શક્યતાઓ દેખાઈ રહી છે. જિલ્લામાં જળસંચય માટે ચેકડેમોનું નિર્માણ થયું હતું પરંતુ હાલની સ્થિતિએ માટીથી ઢંકાયેલા ચેકડેમોમાં પાણીનું એક ટીંપુ પણ સચવાય શકે તેમ ન હોવાથી જળસંચય માટે ફાયદારૂપ ચેકડેમોમાંથી ચોમાસા અગાઉ માટી દૂર કરાય તેવી માંગ ખેડૂતોમાંથી ઉઠવા પામી છે.

જિલ્લામાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ફોગટમાં વહી જતું હોવાથી પાણીને રોકવા માટે ચેકડેમોના માધ્યમથી જળસંચયના કામોને જિલ્લામાં પ્રાધાન્યતા અપાતાં ગામે ગામ ચેકડેમોનું નિર્માણ થયું હતું. જ્યારે ગત વર્ષોના ચોમાસામાં તમામ ચેકડેમોમાં પાણીની સારી આવક થતાં ગ્રામ્ય વિસ્તારોમાં તેનાં સારાં પરિણામો જોવા મળ્યાં હોય તેમ પાણીના સ્તરમાં પણ સુધારો જણાયો હતો. પરંતુ સરકારી તંત્રએ ચેકડેમો બનાવી હાથ અદ્ધર કરી દેતાં અનેક ચેકડેમ ક્ષતિગ્રસ્ત હાલતમાં જોવા મળી રહ્યા છે. જ્યારે મોટા ભાગના ચેકડેમોમાં કાંપ અને માટીનો ભરાવો થઈ જતાં વરસાદી પાણી ચેકડેમોમાં અવરોધાવાને બદલે ફોગટમાં વહી જાય તેવી સ્થિતિ ઉભી થતાં ચોમાસામાં ચેકડેમો હોવા છતાં ન બરાબર બની રહેનારા છે. જિલ્લામાં ચોમાસુ નજીક આવતાં સરકારી તંત્રએ એક્શન પ્લાનની અમલવારી શરૂ કરી દીધી છે પરંતુ ચેકડેમોની કામગીરી સંભાળતા તંત્રની કામગીરીનું કામ માત્ર કાગળ ઉપર જ ચાલતું હોય તેમ એકપણ ચેકડેમમાંથી માટી દૂર કરવાની કામગીરી હાથ ન ધરાતાં ચેકડેમો શોભાનો તાજ બની રહે તેવી સ્થિતિ આગામી ચોમાસામાં ઉદ્ભવશે તેવું ખેડૂતો બોલી રહ્યા છે. જિલ્લામાં જળસંચય યોજના અંતર્ગત તૈયાર થયેલા ચેકડેમોમાં પાણીના સંચયથી ખેડૂતોને પણ તેનાં સારાં પરિણામો મળ્યાં છે ત્યારે જિલ્લાનું જવાબદાર તંત્ર લાખોના ખર્ચે તૈયાર થયેલા ચેકડેમો શોભાનો તાજ ન બની રહે તે માટે માટીથી ઢંકાયેલા ચેકડેમોમાં પાણીનો ભરાવો થાય તે માટે ઢંકાઈ ગયેલા ચેકડેમોને ખુલ્લા કરાવે તો જ આગામી ચોમાસામાં તેનાં સારાં પરિણામો જોવા મળે તેમ હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

## પ્રાંતિજ દ્વારકેશ પાર્ક સોસાયટીમાંથી બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ દ્વારકેશ પાર્ક સોસાયટી માંથી ઘર આગળ પાર્ક કરેલ બાઈકની ચોરી થતા બાઈક માલિક દ્વારા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ દ્વારકેશ પાર્ક સોસાયટી માંથી રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બજાજ પલ્સર બાઈક નંબર-જીજે૦૯ ઙઙ૬૩૦૦ જેની કિંમત ૨૫,૦૦૦ કે કોઈ અજાણ્યા ચોર ઈસમો બાઈક ચોરી કરીને લઈ જતા બાઈક માલિક અમીતકુમાર જવાજી વણઝારા ઉ.વર્ષ-૩૦ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા અજાણ્યા બાઈક ચોરો વિરુદ્ધ ગુનો નોંધાવતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી.

## પ્રાંતિજમાં ટ્રાફિકની સમસ્યા જવાબદાર તંત્ર ઘોર નિદ્રામાં

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટ્રાફિક ની સમસ્યા દિવસે ને દિવસે ઘટવા ને બદલે વધારો થતાં પહેલાં આખાં ટ્રક જતાં હતાં ને હવે તંત્ર ની મહેરબાની થી રીક્ષા નિકળવી પણ મુશ્કેલ બન્યું છે તો જવાબદાર તંત્ર હાલ તો ગૌરનિદ્રા માં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડ થી હનુમાન મંદિર બજારચોક તથા ભાંખરીયા થી સિનીમા રોડ ઉપર ટ્રાફિક ની પારાવાર ટ્રાફિક ની સમસ્યાએ માંજા મુકી છે તો પ્રાંતિજ ભાખરીયા પાસે અવાર- નવાર ટ્રાફિક ની સમસ્યા ને લઈને ટ્રાફિક જામ થતાં વારે ઘડીએ ટ્રાફિક માં ફસાયેલ લોકો તોબી તોબા પોકારી ઉઠેછે તો જેની જવાબદારી છે નઠોર તંત્ર હાલતો ઉનાળા ની ગરમી માં ગોર નિદ્રા માણી રહ્યું છે તો ભાખરીયા બસસ્ટેન્ડ થી સિનીમા રોડ તરફ જવાના માર્ગ ઉપર ખાનગી વાહન ચાલકો પોતાના વાહનનો લઈને રસ્તામાં મુસાફરો ની રાહ જોતા રસ્તામાં



ઉભા કરી દેતાં ટ્રાફિક જામ થાય છે તો બીજીબાજુ વેપારીઓ પોતાની દુકાન આગળ બે પૈસા ની લ્હાય માં પાથરણા વાળાકે લારીઓ વાળાને આગળ જગ્યા આપે છે જયારે હાલ લગ્ન સિઝન પુર બહાર ખીલી હોય ગામડાઓના લોકો બજારમા ખરીદી કરવા આવતા હોય છે પણ આડેધડ પાર્કિંગ તથા ટ્રાફિક ની સમસ્યાને લઈ ને ખરીદી કરવા આવતા ગ્રાહકો મા પણ ટ્રાફિક ની સમસ્યાઓને લઈ ને નિસાશા નાખે છે તો કેટલાક વેપારીઓતો ગ્રાહકોને આકર્ષવા માટે બંધો માલ રોડ ઉપર લાવી દે છે અને રાત્ર પડે અંદર મુકે છે તો લારીઓ વાળા પણ આડેધડ ઉભા થતાં બજાર સુધી જવું મુશ્કેલ બની જાય છે તો પ્રાંતિજ માં ટ્રાફિક ના નિયમો નું ઉલ્લંઘન જોવા મળે છે તો બજારમાં રહેણાક વિસ્તારમાં રહેતાં લોકો ને પોતાની કાર કે અન્ય માલસામાન માટે વાહન ઘર તરફ લઈ જવું હોયતો મુશ્કેલ બન્યું છે તો ટ્રાફિક એટલો બંધો વકર્યો છેકે ઘણી વાર તો કાર તો શું પણ સાઈકલ લઈને જવું હોયતો પણ મુશ્કેલ બન્યું છે ત્યારે જવાબદાર તંત્ર સફાળે જાગે તેવી લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.